

# ઋણમુક્તિ

પિતૃઋણ, ગુરુઋણ અને વિશ્વઋણ એ ત્રણ ઋણનો ભાર આપણા ઉપર છે તેનું ભાન રહેવું જોઈએ અને ક્રમશઃ તેમાંથી મુક્ત થવાનો ભાવ રહેવો જોઈએ. તેનો પ્રમાણિક પ્રયત્ન પણ થવો જોઈએ, કોઈ ને કોઈ રીતે. દા. ત.

- પિતાનો સંસ્કાર વારસો શોભાવવો અને સંભાળવો તે પિતૃઋણમુક્તિ છે.
- ગુરુના ઉપકારનો સ્વીકાર કરવો તે ગુરુઋણમુક્તિ છે. અને
- રોજ કોઈને ને કોઈને યોગ્ય મદદ કરવી તે વિશ્વઋણમુક્તિનો પ્રયાસ છે.

આવું રોજ તમારા જીવનમાં બનતું રહો.

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૨**

# ઋણમુક્તિ - ચિંતન કણિકાનો વિશેષ અર્થ

ઋણ એટલે કરજ, દેણું.

આપણા માથે પહેલો ઉપકાર માતા-પિતાનો છે. તેઓ તરફથી થયેલા આ ઉપકારનો બદલો તો શી રીતે વળે ? છતાં પણ, **તેઓના નામને શોભાવે તેવું, આપણું જીવન સંસ્કારસંપન્ન બનાવીએ** તો તેઓનું ઋણ યત્કિંચિત અદા કર્યું કહેવાય.

બીજો ઉપકાર આપણા ગુરુનો છે. શાળાના શિક્ષક, ધાર્મિક પાઠશાળાના શિક્ષક, કોલેજના પ્રાધ્યાપક અને આપણને ધર્મબોધ આપનાર ધર્મગુરુ. આ બધાનો, આપણા પરના ઉપકારનો સ્વીકાર કરવો. **'હું તેમની પાસે ભણ્યો છું. તેમની પાસેથી શીખવા-સમજવા મળ્યું છે. મારા જીવનમાં તેમના સમાગમથી ઘણો આત્મિક લાભ થયો છે.' આમ, વારંવાર કૃતજ્ઞતા પ્રગટ કરતાં રહેવું,** એનો ઋણસ્વીકાર કરવો જરૂરી છે.

આપણી આસપાસના જગત પાસેથી આપણે કેટલું બધું મેળવીએ છીએ ! એ બધાથી આપણું જીવન ટકેલું છે, આપણી જીવન નૈયા સરળ વહે છે. **આપણે પણ કોઈને ટેકારૂપ બનીએ તો, શુભના એક વર્તુળમાંથી બીજું વર્તુળ રચાશે, વિસ્તરતું રહેશે.**

શાક માર્કેટમાંથી શાક ખરીદી લીધા પછી કાછીયાને પૈસા ચૂકવતી વખતે એક ભાઇને વીસ રૂપિયા ઘટ્યા. કાછીયો અને ખરીદનાર ભાઈ, એકબીજાથી અજાણ્યા હતા. પૈસા બાકી કેમ રખાય ? ભાઇ મૂંઝાતા હતાં ત્યાં બાજુમાં ઉભેલા ભાઈએ



Melbourne Shwetambar Jain Sangh

સૌજન્ય બતાવ્યું, પોતાની પાસેથી વીસ રૂપિયા આપ્યા. હિસાબ પૂરો થયો. એ ભાઈ પાસે એમનું સરનામું માંગ્યું. જવાબ મળ્યો : કાંઈ જરૂર નથી. આ જ રીતે, **બીજા કોઈ મુશ્કેલીમાં હોય ત્યારે તમે ય આમ મદદ કરજો. આમ પણ ઋણમુક્તિ થતી હોય છે. એ ઉત્તમ પ્રકાર છે.**

આમ, ત્રણ ઋણના ભારથી અને તેને ફેડવવાના ભાવથી આપણે આપણી કૃતજ્ઞતા પ્રગટ કરી શકીએ. **કૃતજ્ઞતા તો ગુણોનું ભાજન છે. ગુણ તેમાં રહે છે, ટકે છે અને શોભે છે.**

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા (પુનઃશ્ચ) અંક ૦૨**
**પાઠશાળા અંક ૦૩**



Melbourne Shwetambar Jain Sangh

# ઋણસ્વીકાર

આવો અવસર છે તો થોડી વાત સંકોચ સાથે પણ કરવી, એમ, મનમાંથી અવાજ આવે છે. ક્યાંથી શરૂ કરવી એ વાત ! થોડો મૂંઝારો પણ થાય છે ! **પૂજ્ય શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં અને તેમાં પણ કવિરત્ન આચાર્ય શ્રી અમૃતસૂરિજી મહારાજના સંતાનીય થઈને સાધુપણામાં પગરણ મંડાયા તે મારું મોટું સૌભાગ્ય ગણું છું.**

હવે મૂળ વાત સંભારીએ ! એ દિવસો આંખ સામે લાવું છું ત્યારે મારા શૈશવના તોફાની દિવસો યાદ આવે છે ! દિશાહીન દશામાં હતો. 'સાવ અબૂધ' આ શબ્દનો વાસ્તવિક અર્થ હતો.

શ્રી સિદ્ધર્ષિના દ્રમકની ઓળખ પછી થઈ, પણ તે કાંઈક સારા કહેવાય એવા દિવસોમાં કધોણી ટૂંકી ચડ્ડી અને ટૂંકી બાંહ્યના ખમીસના લેબાસમાં એકવાર પાડાપોળમાં **પૂજ્ય બા મહારાજ સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજીની કઠોર કૃપાદૃષ્ટિમાં હું આવ્યો.**

સાવ રખડુના ધૂળથી ખરડાયેલા પગના અંગૂઠાથી લઈ સુકાયેલા પરસેવાના ઓઘરાળા મુખ ઉપર થઈને વીંખાયેલા વાળ સુધી એ દૃષ્ટિ ફરી વળી. તેમના કરુણાથી છલોછલ હૃદયમાંથી shock treatment જેવો કરુણાનો ધોધ પડ્યો. તેના પડઘા કાનને ભરી દે એવા હતા. અવાજમાં ગરમ પાણીની ભીની-ભીની તીણાશ હતી, તીખાશ ન હતી! અંદરની મીઠાશને જોવાની નજરનું દાન થઈ રહ્યું હતું. અને હું વીંધાયો !



Melbourne
Shwetambar Jain Sangh

**એ શબ્દો આવ્યા : 'હવે મારી પાસે આ કપડામાં આવતો નહીં !'** ઉંમર વર્ષ ૧૨. સાતમાની પરીક્ષા આપેલી. એ સાલ વિ. સં. ૨૦૧૬ની હતી, અમદાવાદ શહેરને દઝાડતો વૈશાખનો બળબળતો મહિનો હતો. એ તડકો કેરીની ખટાશને મીઠાશમાં ફેરવવામાં સહાયક હતો !! જો કે બહુ ગમતો ન હતો તો પણ તે માનવું તો પડશે જ !

સાધ્વીનો પરિવેશ હતો અને એમાં વાત્સલ્યભર્યું, માતાનું હૃદય હતું. એના શબ્દો અંદરના ઊંડાણમાં ઊતરી ગયા, કહો કે કોતરાઈ ગયા ! અને એય મને જાણ પણ ન થાય તે રીતે ! **એ ચોઘડિયું અને એ પળ સોનેરી હશે કે સાર્થક થવા નિર્માયેલા શબ્દો મને મળ્યા.** વિધાતાએ પણ, મને જાણ ન થાય તેમ બધું ગોઠવી દીધું !

એ જ વર્ષના જેઠ મહિનામાં સુરત મુકામે પૂજ્ય ઉપાધ્યાય શ્રી મેરુવિજયજી મહારાજ, પૂજ્ય પંન્યાસ શ્રી દેવવિજયજી મહારાજ અને પૂજ્ય મુનિ મહારાજ શ્રી હેમચન્દ્રવિજયજી મહારાજના સાન્નિધ્યમાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે, શ્રી અનંતનાથ ભગવાનની તારક છાયામાં મારું જવાનું થયું. પિતાજી મને ત્યાં મહારાજશ્રીની પાસે મૂકી ગયા. પૂજ્ય ગુરુ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ અને મારો પ્રવેશ એક જ દિવસે થયો. ત્યાંનું તે વાતાવરણ મને ભાવી ગયું.

પૂજ્ય ઉપાધ્યાય મેરુવિજયજી મહારાજની હેત-પ્રીતભરી કાળજીના કારણે ને પૂજ્ય પંન્યાસ શ્રી દેવવિજયજી મહારાજની વહાલપભરી સંભાળથી, પે'લી રખડુ બાળકની સિકલમાં બદલાવ આવવા લાગ્યો. શ્રી ભક્તામર સ્તોત્રની ચાર-ચાર ગાથા રોજ થતી. સામાયિક બે થતાં. પ્રતિક્રમણ સાંજનું થતું. વાતાવરણ શાંત અને ધર્મભાવથી ભર્યું ભર્યું અનુભવાતું હતું.



Melbourne Shwetambar Jain Sangh

આમ પ્રગતિ થતાં-થતાં મહાપર્વના દિવસો આવ્યા. શ્રાવકાગ્રણી શ્રી ઝવેરભાઈ અને શ્રી સોભાગભાઈના હૂંફાળા સહવાસથી ૬૪ પહોરી પૌષધ કરવાનું બન્યું. વીરપ્રભુના જન્મવાચનના દિવસે જ્યારે શ્રી સંઘ હરખ હિલોળા લેતો હતો ત્યારે સાંજના પડિલેહણ પછી, **ઝવેરભાઈના મુખથી પહેલીવાર, 'કેમ દોસ્ત ! દીક્ષા લેવી છે ને !' -- આ શબ્દો સંભળાયા. સાંભળીને મોં પર શરમના શેરડા પડ્યા ! મોં મરક-મરક થયું.** થોડી વારે સોભાગભાઈએ પણ એ દોહરાવ્યું. મનથી 'હા' પડાઈ ગઈ ! આજ સુધી કોઈ ગુરુ ભગવંતે આ સ્વરૂપની પૃચ્છા પણ કરી ન હતી.

**વ્યાખ્યાન-પ્રવચન સમજાય કે ન સમજાય, હું નિયમિત સાંભળતો** અને તે પછી ઉપાશ્રયના પાછળના સ્થાનમાં વયોવૃદ્ધ મુનિ મહારાજ શ્રી જય સાગરજી મહારાજ પાસે શાતા-પૃચ્છા માટે અચૂક જતો.

મહિના તો વીતવા લાગ્યા. કાળની રેતી તો સતત સરકતી જ રહેતી હોય છે. આસો મહિનો ગયો . તે પછી નવા વરસના દિવસોમાં જ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું, 'તને દીક્ષા આપી દેવાની છે ! પેલી ઓરડીમાં છાની દીક્ષા કરી દઈશું. પત્રિકા બહાર નહીં પડે ! ફોટા પણ નહીં પડે !' (આ બધી વાતમાં મારા પિતાશ્રી હીરાભાઈએ સંમતિ આપેલી. તે વાત પછી જાણવા મળી.)

**મને તો ત્યારે કશી ગતાગમ પડે નહીં. તેઓશ્રી પ્રત્યે મને ઘણું બધું બહુમાન, તેથી તેમની બધી વાતે હું 'હા' કહું.**



Melbourne Shwetambar Jain Sangh

સુશ્રાવક ઝવેરભાઈ-સોભાગભાઈને જ્યારે જાણ થઈ કે દીક્ષાનો પ્લાન ઘડાઈ રહ્યો છે, ત્યારે તેમણે એકી અવાજે કહ્યું, 'મહારાજ સાહેબ ! બાળક નાનો છે એમ સમજીને, આમ છાનું ન ગોઠવશો. કોઈ વિરોધ કરશે એવી ફિકર રાખશો નહીં. સરસ રીતે અને ઉલ્લાસપૂર્વક, ધામધૂમ વરઘોડા સાથે, આ વાડીના ઉપાશ્રયે જ દીક્ષા ઊજવીશું.'

પૂજ્ય ઉપાધ્યાયજીના વિચારો પણ બદલાયા. શુભ મંગલ મુહૂર્ત વિ. સં. ૨૦૧૭ના માગસર મહિનાની સુદિ પાંચમનું આવ્યું. પૂજ્ય બા મહારાજ તથા તેમના ગુરુણી શ્રી ચંપકલતાશ્રીજી તથા સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજીને પત્ર લખ્યો. **પૂજ્ય બા મહારાજે મંગળ આશીર્વચન આ શબ્દોમાં મોકલ્યા :**

'ભાઈ પ્રવીણ, તારો કાગળ ઘણા વખતથી નથી. ભાઈ, તારી તબિયત સારી હશે. તેં જે પ્રતિજ્ઞા લીધી તે ચોક્કસ પૂરી કરી લાગે છે. તું ગયો તે ગયો કે હું દીક્ષા લઈશ ત્યારે અમદાવાદ આવીશ એ વાત સાચી કરી બતાવી. **ભાઈ, તું જેવી રીતે ઉત્સાહથી સિંહની પેઠે (દીક્ષા) લે છે તેવી જ રીતે પાળવામાં પણ ઉત્સાહ રાખજે, પ્રમાદ કરીશ નહીં.** તું આટલો બધો સુધરી જઈશ એ મને શંકા હતી, પણ મારી શંકા તે દૂર કરી. તે આજે તું કેટલો બધો આગળ વધ્યો. હમે તારી દીક્ષા જેવા માટે નિષ્ફળતા મેળવી હશે કે જોઈ શક્યા નહીં. હશે, પણ અહીંયા બેઠાં-બેઠાં તને હમારા આશીર્વાદ આપીએ છીએ કે શાસનદેવી સહાય કરો. એજ, પદ્મલતાના ધર્મલાભ.'

એમના શબ્દોમાં નિર્મળહૃદયના ઊછળતા કરુણાવારિના શીકરનો છંટકાવ મને આજે પણ ભીંજવી રહ્યો છે ! **એમના હૃદયમાંથી સહજ ઊગેલા આશિષ, મારા જીવનમાં નવું બળ સતત સીંચી રહ્યા છે.**

**એ અહોભાવભરી કૃતજ્ઞતાને જાહેરમાં પ્રગટ કરવાની ઝંખના હતી તે આજે 'પાઠશાળા' ના માધ્યમથી સાકાર થાય છે. મનમાં એનો અત્યંત હરખ છે.**

પિતાજી તથા મોટાભાઈ ધનસુખભાઈ, ઈન્દુબહેન વગેરે સ્વજનોની હાજરીમાં દીક્ષા થઈ. પછી પંદર દિવસમાં વિહાર થયો. **'ભણવાના દિવસો છે' -- એવું સતત સંભળાતું રહ્યું.** મનની સરળતાની સાથે-સાથે ચંચળતા પણ એટલી જ પ્રબળ હતી, જે આજે પણ સાવ ગઈ છે એમ કહી શકાય એવી સ્થિતિમાં નથી.

અભ્યાસમાં મન લગાડ્યું. પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-ઉત્તરાધ્યયન- ઉપાધ્યાય ભાવ વિજયજી કૃત વૃત્તિ -- આ બધું ઉત્તરોત્તર ભણવાનું મારા ગુરુ મહારાજ પાસે ચાલ્યું. તો, સંસ્કૃતભાષાનું વ્યાકરણ, હિતોપદેશ, રઘુવંશ, તર્કસંગ્રહ, મુક્તાવલિ, કિરાત, માઘ વગેરે, મૈથિલ પંડિત બંસીધર ઝા પાસે થયું. હા, ચંદ્રપ્રભાવ્યાકરણની આવૃત્તિ, નિયમિત રીતે રોજ બપોરે, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સંભળાવતા. મનમાં ભય રહેતો, આવૃત્તિ સંભળાઈ જાય એટલે 'હાશ' થાય. વચ્ચે ચારેક મહિના ટાઈફોઈડની માંદગી આવી. સમય વીતતો ગયો.

પાંચ ચોમાસા વીત્યા બાદ **વિ. સં. ૨૦૨૨માં સુરતમાં, એ જ નેમુભાઈની વાડીના ઉપાશ્રયમાં પૂજ્ય આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં બેસવાનું થયું. તેમણે મને સાહિત્યની દીક્ષા આપી.** નૈષધ મહાકાવ્ય અને અઢાર હજારીથી પ્રારંભ થયો ! સંસારી ભાઈ ધનસુખભાઈના સંપર્કમાં સાહિત્ય અનુરાગનાં બીજ રોપાયાં હતાં, તેને અંકુરિત થવાનું યોગ્ય વાતાવરણ મળવા લાગ્યું અને તે ધીરે-ધીરે



Melbourne Shwetambar Jain Sangh

નવપલ્લવિત થયું, પુષ્પિત થયું. પછીનાં વર્ષોમાં તે બીજકો ફલિત થયાં અને તેમાંથી પુનઃ-પુનઃ નવાં બીજ પાંગર્યાં, પાંગરતાં રહ્યાં.

**સુરતના એ, વિ. સં. ૨૦૨૨ના ચોમાસામાં દૃષ્ટિનું દાન થયું. પૂજ્ય આચાર્ય શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજ પણ સાહિત્યના જીવ હતા.** જેમ નવા ઘડામાં પાણી આપોઆપ, ઘડાની બહારની સપાટી ઉપર ઝમે તેમ તેઓશ્રી પાસેના વાતાવરણમાં, સાહિત્યના આલંકારિક સંસ્કૃત શ્લોકો, સુભાષિતો, કથાનકો તથા ઉધ્ધૃત અંશો સતત ફોરતાં અને મહેકતાં રહેતાં. સં. ૨૦૨૨-૨૩-૨૪ એમ ત્રણ ચોમાસામાં તો આ બધા વિષયોનો પાયો ચણાતો ગયો, સીસું પુરાતું ગયું અને મરામત થતી રહી.

સમગ્ર સંસ્કૃત સાહિત્યની પ્રતિનિધિ રચનાઓના આસ્વાદની સાથે-સાથે ગુજરાતી સાહિત્યના ઉત્તમ અંશો તરફનો તલસ્પર્શ થાય તેવી આસ્વાદલક્ષી વિવેચના થતી જ રહે. કલાકો ખૂટે પણ એ રસ ન ખૂટે ! દિવસે અને રાત્રે પણ, એ બધું ઘોળાતું રહે, ઘૂંટાતું રહે. પછી તો વિહાર દરમિયાન પણ, આ બધું વારંવાર મમળાવવું ગમે એવું બનતું રહે.

અરે ! તેઓશ્રીએ તો, ગામડાના શિયાળાની ઊઘડતી રાતે કે વહેલી સવારના પૂર્વાકાશ અને ઉત્તરાકાશમાં સતત ચમકતાં અને ચળકતાં તારાનાં ઝૂમખાંનો, ગ્રહોનો રસાળ પરિચય કરાવ્યો છે ! તેને અનુસરતી વાતો અને વાર્તાઓ પણ કલાકો સુધી ચાલે. એક વિષયમાંથી બીજા વિષય પર, એમાંથી ત્રીજા અને ચોથા વિષયોમાં કૂદવાનું; વળી ખયાલ આવતાં મૂળ વાત પર પાછા ફરવાનું ખૂબ બનતું !



Melbourne Shwetambar Jain Sangh

**કંઠસ્થ થયેલા સંસ્કૃત શ્લોકોને છંદવાર બોલવાનું, તેમાં સ્પર્ધા સ્વરૂપે ક્યારેક નવીન રચના કરવાનું બનતું. ત્યારે કાવ્યશાસ્ત્ર-વિનોદને મન ભરી માણ્યો છે,** જેની સ્મૃતિ આજે પણ ચિત્તને ઝંકૃત કરે છે. અંદરનો આંતરમાનસપિંડ આમ અનાયાસે બંધાતો હશે એમ આજે લાગે છે.

અનુયોગદ્વાર સૂત્રની વાચના વખતે, પૂજ્યશ્રી પાંચ પદના એકસોવીસ ભાંગા પેન-કાગળ વિના આંગળીના વેઢે ગણાવતા અને ગણવા પ્રેરતા ! ગણિતના ક્ષેત્રે તેમની કાબેલિયત કાબિલેદાદ હતી.

**આ બધું આજે યાદ આવે છે ત્યારે તેઓશ્રી પ્રત્યે અહોભાવ અને કૃતજ્ઞતાના ભાવથી હૃદય ભરાઈ આવે છે. તેઓશ્રી પ્રત્યેના ઋણભારથી મસ્તક ઝુકી જાય છે.**

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા ગ્રંથ-૧ ની (આંશિક) પ્રસ્તાવના**